SC/38/2009 ORDER

## <u>આંક–૯૪૨ હેઠળનો હુકમ</u>

(૧) આ કામે આરોપી નં.૬૧ નાઓએ હાલની અરજી કરી એવી દાદ માંગેલી છે કે અરજદાર/આરોપીને ફ્રન્ટ લાઇન નામક મેગેઝીન આપવામાં આવ્યા પરંતુ જયારે સદરહું મેગેઝીન આપવામાં આવ્યા ત્યારે તેમાં કેટલાક લેખો સેન્સર કરીને તેઓને તે મેગેઝીન આપવામાં આવેલા. જે સંદર્ભે તેઓએ સેન્સર અંગેના નિયમો માંગેલા પરંતુ તે તેઓને આપવામાં આવેલા નથી. જેથી તે બાબતે ન્યાયના હિતમાં જરુરી હુકમ કરવા વિનંતી કરી તે સાથે અદાલતને ફ્રન્ટ લાઇનના ૬ ઇસ્યુ યાને કે ૬ મેગેઝીન આ અદાલતને મોકલી આપેલા છે.

(૨) આ સંદર્ભે આ અદાલતે હુકમ કરી જેલ ઓથોરીટીને આ બાબતે પોતાનો જવાબ મોકલી આપવા હુકમ કરતાં, આંક–૯૬૬ થી જેલ ઓથોરીટીએ જવાબ મોકલી આપેલો છે, જેમાં તેઓએ એવી હકીકત સ્પષ્ટ કરેલી છે કે આ મેગેઝીનમાં સિરીયલ બોમ્બ બ્લાસ્ટના આરોપીઓએ ખોદેલ સુરંગ તથા અન્ય આંતકવાદ તથા નકસલવાદને લગતા લેખો હોવાથી તે સેન્સર કરી આરોપીને આપેલા છે, જે જેલની શિસ્ત તથા સલામતિ માટે અતિ આવશ્યક છે.

પોતાની લેખિત રજુઆતના ટેકામાં ગુજરાત પ્રિજન્સ (ફેસેલીટીસ ઓફ ઇન્ટરવ્યુસ, કોમ્યુનીકેશ્નસ વિગેરે) ટુ પ્રિજન્સૅ રુલ્સ–૧૯૭૩, કે જે ગૃહ વિભાગનું નોટીફીકેશન છે તે પણ રજુ કરી તેઓને અયોગ્ય તથા વાંધાજનક લખાણો સેન્સર કરીને આરોપીને આપવાનો અધિકાર આપવામાં આવેલ હોવાનું સ્પષ્ટ કર્યું છે.

(૩) આ અરજી બાબતે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આઇ.એમ.મુન્શીને સાંભળ્યા તથા જેલ ઓથોરીટી તરફે વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવને સાંભળ્યા.

(૪) બંને પક્ષના વિ.વ.શ્રીએ કરેલ રજુઆતો ધ્યાને લેતાં તથા અરજદાર/આરોપીએ મોકલેલ ૬ ફ્રન્ટ લાઇન મેગેઝીન જોતાં એવી હકીકત સ્પષ્ટ થાય છે કે આ મેગેઝીનના કેટલાક આર્ટીકલ્સ સેન્સર કરવામાં આવેલા છે. ગૃહ વિભાગના નોટીફીકેશન અન્વયે જેલ ઓથોરીટી જેલની શિસ્ત તથા સલામતિને ધ્યાનમાં રાખી તેમ કરે તેમાં આ અદાલતને કાંઇ વાંધાસરખું જણાતું નથી. વળી વધુમાં સેન્સર કર્યા સિવાય પણ મેગેઝીનમાં અનેક એવા લેખો છે કે જે અરજદાર/આરોપી વાંચી શકે તેમ છે. અરજદાર/આરોપીની રજુઆતે મેગેઝીનના કોઇ પણ આર્ટીકલ્સ ખોટી રીતે સેન્સર કર્યા હોવાનું તથા અરજદાર/આરોપી તરફે જેલ ઓથોરીટીને કોઇ પૂર્વગ્રહ હોવાનું દેખાતું નથી. જે તમામ સંજોગોમાં જેલ ઓથોરીટીએ ગૃહ વિભાગ દ્વારા તેઓને અપાયેલ અધિકાર અને તેમની ફરજના ભાગ તરીકે મેગેઝીનમાંના અમુક લેખો સેન્સર કરેલા છે. જેથી અરજદાર/આરોપીની અરજી બાબતે જેલ ઓથોરીટીને કોઇ હુકમ કરવાનો રહેતો નથી.

(૫) એ હકીકત પણ સ્પષ્ટ છે કે આ અદાલતે આંક-૮૭૧ થી કરેલ હુકમ અન્વયે અરજદાર/આરોપીને ફ્રન્ટ લાઇનના ૬ મેગેઝીન જેલ સત્તાવાળાઓએ વાંચવા આપેલ હોવાનું અરજીમાં સ્વયં સ્પષ્ટ છે.

(૬) જો કે જેલ ઓથોરીટીવાળા અરજદાર/આરોપીને નિયમિતપણે કાયદા અનુસારની પ્રક્રિયાએ, જરુર જણાય ત્યાં સેન્સર કરીને મેગેઝીન વાંચવા આપે જ છે તેથી તે વાસ્તે કોઇ હુકમની જરુરીયાત નથી.

ઉપરોકત ચર્ચાએ અરજદાર/આરોપીની હાલની અરજી દફતરે કરી તે રીતે ફેસલ કરવી ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનો હુકમ કર્યો.

**હુ ક મ**

આ અરજી દફતરે કરી ફેંસલ કરેલ છે.

આ હુકમ આજરોજ તા.૨૬ મી માહે-જુન સને-૨૦૧૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૨૬/૬/૨૦૧૩

(જયોત્સના યાજ્ઞિક)
સ્પેશ્યલ જજ,
સિરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસીસ કોર્ટ,
અમદાવાદ શહેર.
યુનીક આઇ.ડી.કોડ નં.જીજે૦૦૦૨૪

(પી.જે.રાઠોડ)